# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૧૧/૦૨/૨૦૨૪

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ગાય આધારીત પ્રાકૃતિક ખેતી કરનારા ગુજરાતના ૪૦ ખેડૂતોને ધરતીપુત્ર એવોર્ડથી સન્માનિત કરાયા

### કૃષિને જ્યાં સુધી ઉદ્યોગ સાથે જોડવામાં નહીં આવે ત્યાં સુધી ખેડૂતોની પ્રગતિ નહીં થાય, આપણા દેશમાં પ્રાકૃતિક ખેતી કરવામાં આવશે તો વ્યકિત બીમાર જ નહીં પડશે : ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડો. સી.કે. ટીંબડિયા

### અનેક કષ્ટો વેઠીને નાગરિકોની અન્ન–ધાન્યની મુખ્ય જરૂરિયાતોને પૂર્ણ પાડતા ખેડૂતોને સન્માનવા માટે ધરતીપુત્ર એવોર્ડ સમારોહ યોજાયો : ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયા

### ગાય, ગામડું અને ખેતી એકબીજાના પર્યાય છે, તેઓને મજબૂત બનાવવા ગામમાં રોજગારી ઉભી થાય અને વાડીમાંથી સીધું એક્ષ્પોર્ટ કરી શકાય તે માટે પ્રયાસ કરવા પડશે : ખેડૂત રમેશભાઇ

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સુરત ઇન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે 'ધરતીપુત્ર એવોર્ડ અર્પણ સમારોહ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે વિશ્વ ગુજરાતી સમાજના ઉપ પ્રમુખ સવજીભાઇ વેકરીયા પધાર્યા હતા. જ્યારે ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ

યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડો. સી.કે. ટીબડિયાએ અતિથિ વિશેષ તરીકે સ્થાન શોભાવ્યું હતું. અમેરિકાના ચતુરભાઇ છભાયા પણ આ સમારોહમાં ખાસ હાજર રહયા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે, ભારતની કુલ અર્થ વ્યવસ્થામાં ખેતીનો ફાળો ૧૫ ટકા છે. ભારતમાં ખેતીનો વિકાસદર ૪ ટકા છે, જે વૈશ્વિક વિકાસદર કરતાં વધારે છે. ભારતની ૧૪૦ કરોડની આબાદીમાંથી ૬૦ ટકા લોકો ખેતી પર જીવનનિર્વાહ કરે છે. ભારત જ્યારે આઝાદ થયો, ત્યારે ભારતમાં ખેતપેદાશોનું ઉત્પાદન ઘણું ઓછું હતું અને આપણે જીવન જરૂરિયાતના અનાજની આયાત કરવી પડતી હતી. વર્ષ– ૧૯૫૦માં ભારતનું ખેતપેદાશ ઉત્પાદન ૧૩૫ મિલિયન ટન હતું, જે આજે ૧૩૦૦ મિલિયન ટન છે. ભારતની ખેતી ઉત્પાદનની સપ્લાય ચેઈન ઘણી લાંબી છે. ખેતી ઉત્પાદનને શ્રેણીબદ્ધ કામગીરીમાંથી પસાર થવું પડે છે. જેમ કે, હાર્વેસ્ટિંગ, ઝોડવું, ઝાટકણી, પરિવહન, સંગ્રહ, પ્રક્રિયા પછી ઉત્પાદન માર્કેટ સુધી પહોંચે છે. એક અંદાજ મુજબ, ભારતના કુલ ખેતપેદાશ ઉત્પાદનમાંથી માર્કેટ સુધી પહોંચતા જ ૧૦ ટકા ખેતપેદાશને નુકસાન થાય છે.

ભારત આજે વિશ્વમાં વાવણી લાયક જમીનનો સૌથી મોટો દેશ છે. ગુજરાતની અર્થ વ્યવસ્થામાં ખેત, ખેતી ઉત્પાદન અને ખેતીના લાગતાં સંસાધનોનું ૨૦ ટકા યોગદાન છે. ગુજરાતમાં ફૂડ ગ્રેઈન્સનું પ્રોડકશન છેલ્લા ચાર વર્ષમાં દોઢ ગણા થઈ ગયું છે. જે ફૂડ ગ્રેઈન્સનું ઉત્પાદન ૩૭ લાખ ટન હતું તે ૧૦૫ લાખ ટન થઈ ગયું છે. છેલ્લા ૪ વર્ષમાં ઓઈલ સીડનું ઉત્પાદન ૩૭ લાખ ટનથી વધીને ૭૨ લાખ ટન થયું છે. માત્ર છેલ્લા ૨ વર્ષમાં જ ફૂડ ગ્રેઇન્સની વાવણી ૪૮૦૦ હેકટરથી વધીને ૧૦,૫૧૪ થઈ ગઈ છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે ભારત વિશાળ પ્રમાણમાં વિકસિત થઈ રહયું છે. ભારતમાં આ ક્ષેત્ર ૧૫ ટકાનો વિકાસ દર ધરાવે છે. એક અંદાજ મુજબ, આગામી બે વર્ષમાં ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે ૯૦ લાખ નવા રોજગાર નિર્માણ થવાની સંભાવના છે. આ આંકડાઓ દર્શાવે છે કે, ભારત ખેતી ક્ષેત્રમાં જેમ–જેમ અત્યાધુનિક ખેતી પદ્ધતિઓ સ્વીકારશે તેમ–તેમ ખેતપેદાશનું ઉત્પાદન વધશે અને ખેડૂતોની આવકમાં વધારો થશે, જે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સપનું છે.

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા હાથ ધરાયેલા SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત દેશના ૮૪૦૦૦ ઉદ્યોગ સાહસિકો અને વિશ્વના જુદા–જુદા દેશોના ૮૪૦૦૦ બિઝનેસમેનોને ઓનલાઇન ઇન્ટરનેશનલ પોર્ટલ પર ઓનબોર્ડ કરવામાં આવી રહયા છે. જેના અંતર્ગત ભારતથી રૂપિયા ૮૪૦૦૦ કરોડનું એક્ષ્પોર્ટ કરવા માટેનો સંકલ્પ લેવાયો છે. જેમાં ૧૦ ટકા ખેડૂતો અને ૧૦ ટકા મહિલા સાહસિકોને જોડવા માટે પ્રયાસ કરવામાં આવી રહયો છે. વધુમાં તેમણે કહયું કે, આજના ધરતીપુત્ર એવોર્ડ અર્પણ સમારોહનો મુખ્ય હેતુ અનેક કષ્ટો વેઠીને દેશના નાગરિકોની મુખ્ય અન્ન–ધાન્યની જરૂરિયાતોને પૂર્ણ પાડતા ખેડૂતોને સન્માનવાનો છે.

ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડો. સી.કે. ટીબડિયાએ જણાવ્યું હતું કે, કૃષિને જ્યાં સુધી ઉદ્યોગ સાથે જોડવામાં નહી આવે ત્યાં સુધી ખેડૂતોની પ્રગતિ નહી થાય. આપણા દેશમાં પ્રાકૃતિક ખેતી કરવામાં આવશે તો વ્યકિત બીમાર જ નહીં પડશે. ગાય, ગામડું અને લીમડો કહેવત પ્રખ્યાત છે ત્યારે પ્રાકૃતિક ખેતી કરીને સાત્વીક આહાર જો સમાજને પૂરો પાડીશું તો લોકોને સો ટકા ૧૦૦ વર્ષ સુધીનું નિરોગી આયુ પ્રાપ્ત થશે. રાસાયણિક અને સેન્દ્રીય ખેતીથી પણ આગળ વધે એવી પ્રાકૃતિક ખેતી છે. બે દિવસ પહેલા જ વડાપ્રધાને નેચરલ ફાર્મિંગનો ઉલ્લેખ કર્યો હતો. ખેતપેદાશોમાંથી સંપૂર્ણ પોષક તત્વો સાથે આહાર પૂરો

પાડવામાં આવે. ગાય, એનું ગોબર, જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત, આછાનન અને બાયોડાયવર્સિટી એટલે કે પ્રાકૃતિક જૈવિક સાથે કામ કરવાનું છે.

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદની બે યુનિવર્સિટીઓ પરિણામ આપ્યું હતું કે ડાંગર અને ઘઉ જેવા મુખ્ય પાકના પોષણમાં ૪૫ ટકા જેટલો ઘટાડો રાસાયણિક ખેતીને કારણે થયો છે. ઘઉ, ચોખા અને ફળોમાં પહેલા જેવા પોષણ તત્વો નથી, આથી પ્રાકૃતિક ખેતી વગર છુટકો નથી. તેમણે વધુમાં કહયું કે, ગુજરાતના રાજ્યપાલ અને મુખ્યમંત્રી પ્રાકૃતિક ખેતી માટે પ્રેરણા આપી રહયા છે ત્યારે ગુજરાતમાં ૯ લાખ જેટલા લોકો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. બધા ફાર્મ ધીરે ધીરે પ્રાકૃતિક થાય છે અને આખી જમીન બાયોલોજી એટલે કે જીવાણુ અને અળસિયા આધારીત થશે ત્યારે જ પહેલા જેવા ટેસ્ટ જમવામાં આવશે.

એવોર્ડ સ્વીકારનાર રાજકોટના ખેડૂત રમેશભાઇએ જણાવ્યું હતું કે, ગાય, ગામડું અને ખેતી એકબીજાના પર્યાય છે. તેઓને મજબૂત બનાવવા માટે ગામમાં રોજગાર ઉભી થાય અને વાડીમાંથી સીધું એક્ષ્પોર્ટ કરી શકાય તે માટે પ્રયાસ કરવા પડશે. તેમણે SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ની સરાહના કરતા જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રાષ્ટ્ર માટે રાહ ચીંધનાર કાર્ય કર્યું છે. મિશન ૮૪ પ્રોજેકટ એ બધાને જોડવાનું કાર્ય છે. આ માનવ સભ્યતાની ધરોહર છે અને તેના માટે જનજાગૃતિ કરવાની જરૂરિયાત છે.

ચેમ્બરના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ ધરતી પુત્રોના સન્માનને ગર્વની બાબત ગણાવી સમારોહમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ સમારોહનું સંચાલન કર્યું હતું. ચેમ્બરની એગ્રીકલ્ચર, હોર્ટિકલ્ચર, ફર્ટિલાઇઝર્સ એન્ડ ફૂડ પ્રોસેસિંગ કમિટીના ચેરમેન કે.બી. પીપલીયાએ ધરતી પુત્ર એવોર્ડ અંગે માહિતી આપી હતી. સુરત બાગાયત ખાતાના ડેપ્યુટી ડાયરેકટર દિનેશ પડાલિયાએ એવોર્ડ પ્રેઝન્ટેશનનું સંચાલન કર્યું હતું. આ સમારોહમાં ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા, ઓલ એકઝીબીશન્સ ચેરમેન બિજલ જરીવાલા, ગૃપ ચેરમેન કમલેશ ગજેરા, પૂર્વ પ્રમુખો બી.એસ. અગ્રવાલ અને પ્રફુલ શાહ તથા ખેડૂતો ઉપસ્થિત રહયા હતા.